તારીખ : ૧-૧-૨૦૦૬ થી તારીખ : ૧૩-૪-૨૦૦૯
દરમ્યાન નોશનલ ઇજાફા સાથે સ્વૈચ્છિક નિવૃત્ત
થયેલ અધિકારી / કર્મચારીઓના કિસ્સામાં
પેન્શન નિયત કરવા અંગે.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક : પશન-૧૦૦૯-૭૨૬(ઓ-૧૪૧૦/૧૨) પી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : **૧૦-૧૦-૨૦૧૩**

**સંદર્ભ :**

(૧) ના.વિ.નો. ઠ. ક્ર. : પીજીઆર-૧૦૦૯-૫-પે સેલ(મ) તા. ૧૩-૦૪-૨૦૦૯
(૨) ના.વિ.નો. ઠ. ક્ર. : પીએસએન-૧૦૦૯-૭૨૬(૩૩૯/૨૦૧૨)-પી. તા. ૨૭-૦૩-૨૦૧૨
(૩) ના.વિ.નો. ઠ. ક્ર. : પશન-૧૦૦૯-૭૨૬ (ઓ-૧૪૧૦/૧૨)-પી, તા. ૨૩-૧૧-૨૦૧૨
(૪) ના.વિ.નો. ઠ. ક્ર. : પીએસએન-૧૦૦૯-૭૨૬ (૩૩૯/૨૦૧૨-પી, તા. ૩૦-૦૭-૨૦૧૩

**આમુખ :**

નાણા વિભાગના સંદર્ભિત ક્રમ-(૧) હેઠળના તારીખ : ૧૩-૪-૨૦૦૯ના ઠરાવથી રાજ્ય સરકારે મહદ્ અંશે કેન્દ્ર સરકારના ધોરણે નિવૃત્તિના લાભો આપવાનું સ્વીકારેલ છે. જેમાં તારીખ : ૧૩-૪-૨૦૦૯ પહેલાં વય નિવૃત્ત કે સ્વૈચ્છિક નિવૃત્તિના કારણે નિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં ૩૩ વર્ષથી ઓછી નોકરી હોય તો પ્રમાણસર પેન્શન અધિકૃત કરવાની જોગવાઇ યથાવત્ રાખવામાં આવેલ હતી. ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા ડિસેમ્બર, ૨૦૦૯ માં પૂર્ણ પેન્શન માટે નિયત કરેલ ૩૩ વર્ષની પેન્શનપાત્ર નોકરીની મર્યાદા રદ કરવાની જોગવાઇ તારીખ : ૧-૧-૨૦૦૬ થી અમલી બને તે રીતે સુધારો કરવામાં આવતાં રાજ્ય સરકાર દ્વારા પણ આ સુધારાને સ્વીકારી, પૂર્ણ પેન્શન માટેની ૩૩ વર્ષની મહત્તમ પેન્શનપાત્ર નોકરીની મર્યાદા દૂર કરવાની જોગવાઇનો અમલ તારીખ : ૧-૧-૨૦૦૬ થી તા. ૨૭-૩-૨૦૦૧૨ના સંદિર્ભિત ક્રમ-૨ થી આદેશો કરવામાં આવેલ હતા.

નાણા વિભાગના સંદર્ભિત ક્રમ-૨ નાં ઠરાવ અન્વયે વિકલ્પ આપવાની મુદત અવાર નવાર વધારવામાં આવેલ હતી. જે છેલ્લે તારીખ : ૩૦-૭-૨૦૧૩ના સંદર્ભિત ક્રમ-(૪) ઉપરના ઠરાવથી તારીખ : ૨૬-૧૦-૨૦૧૩ સુધી લંબાવાયેલ હતી. રાજય સરકારને મળેલ વિવિધ રજુઆતો અને નામ. કોર્ટમાં થયેલ પીટીશનો સંદર્ભે રાજય સરકાર દ્વારા ના.વિ.ના તારીખ : ૨૩-૧૧-૨૦૧૨ના સંદર્ભિત ક્રમ-(૩) થી એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિ દ્વારા અપાયેલ અહેવાલ અન્વયે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવેલ છે.

**ઠ રા વ**

તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૧૩-૪-૨૦૦૯ દરમ્યાન ૨૫ વર્ષ કે તેથી વધુ સેવાઓ બાદ નોકરીમાંથી નોશનલ ઇજાફાનો લાભ લઇ સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારીઓના કિસ્સામાં નોશનલ ઇજાફા મેળવી પેન્શન ફિક્સ કરાયેલ છે અને તેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ તારીખ : ૧-૧-૨૦૦૬થી મંજુર કરાયેલ છે તે તમામ કિસ્સાઓમાં તેઓને નોશનલ ઇજાફા સિવાય મંજુર

(પાછળ..)

કરવાપાત્ર પેન્શન મંજુર કરવાનું રહે છે. પરંતુ તેઓને મળતા હાલના પેન્શનમાં તાત્કાલીક ધોરણે કોઇ ઘટાડો કરવાનો રહેશે નહીં અને ભવિષ્યમાં મળતા હંગામી વધારા સામે તેઓના હાલના પેન્શનમાં મળતી રકમ સુધી સરભર કરવાની રહેશે. ટૂંકમાં - નોશનલ ઇજાફા સાથેના હાલના પેન્શન મેળવવાપાત્ર સમય સુધી તેમનું હાલનું પેન્શન સ્થગીત (ફ્રીઝ) કરવાનું થાય. જે હંગામી વધારા સામે સરભર થાય ત્યાં સુધી સ્થગિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. દરમ્યાન પ્રશ્ન હેઠળના કોઇ પેન્શનરનું અવસાન થયેલ હોય કે હવે પછી અવસાન પામે તેવા કિસ્સાઓમાં તેમના કુટુંબ પેન્શન મંજુર કરવા માટે આવી બાકી વસુલાત નિયમોનુસાર માંડવાળ કરવાનુ પણ આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડૉ. આર. જી. જોશી)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરીઓ)
નાણા વિભાગ

**પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
  તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  ગુજરાત વિધાનસભા, વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ / તમામ કર્મચારીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ રાજકોટ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડિટ-૧, ૨) અમદાવાદ, રાજકોટ
  સર્વે કલેકટરશ્રીઓ, સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડો હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ, સર્વે તિજોરી અધિકારીઓ/ પેટા તિજોરી અધિકારીઓ
  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ ગાંધીનગર.
  તમામ નિગમ / બોર્ડ /કોર્પોરેશન યુનિવર્સિટીઓ રાજય સરકારના જાહેર સાહસો.
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહીત)
  સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ
  પસંદગી ફાઇલ - પી. શાખા
- પત્ર દ્વારા